કાવ્ય-પંચામૃત,

નર્મદાશંકર ભૂધરરામ ઠાકર

કાવ્ય-પંચામૃત.

રચી, છપાવી પ્રસિદ્ધકર્ત્તા

નર્મદાશંકર ગણુપતરામ ઠાકર

અમદાવાદ.

કીંમત. ૦-૨-૦

આવૃત્તિ ૧ લી
પ્રત ૧૦૦૦

*

વિ. સં. ૧૯૮૫
ઈ. સ. ૧૯૨૯

મુદ્રણસ્થાન :
આદિત્ય મુદ્રણાલય
રાયખડ : અમદાવાદ
મુદ્રક :
ગજાનન વિ. પાઠક

નિવેદન

વાણી રૂપી દુધ, સાહિત્ય રૂપી દહીં, ગેયત્વની શર્કરા, ભાવ રૂપી મધુ અને અર્થગાંભિર્યનાં ધૃત-મિશ્રિત પંચામૃતથી શ્રી જગન્નિયન્તા પરબ્રહ્મ પરમાત્માની ગુણવિભૂતિઓ ઉપર સપ્રેમ ચઢાવી તે અમૃત સાહિત્ય-સંગીત રૂપ પંચકાવ્યનાં પંચામૃતની પ્રસાદિ રસાસ્વાદ લેવા પ્રભુ પ્રેમી અને કાવ્યાનુરાગી ગુણજ્ઞ સજ્જનોના કરકમળમાં સાદર સમર્પી કૃતાર્થ થાઉં છું.

વિજયા દશમી
૧૯૮૫
અમદાવાદ
શનિવાર
તા. ૧૨-૧૦-૨૯

નર્મદાશંકર ગણપતરામ
ઠાકર.

૧

પ્રાર્થના.

તાત તું એક ખરો જગ સ્વામી;
બધી વિશ્વતણા બહુ નામી—તાત તું

આતપ તેજ અલૌકિક મહિમા ચંદ્રપ્રભા જગ જામી,
વિયત્ વિષે તારા અતિ સુંદર ઈશ પ્રકાશીત ધામી—તાત તું

મોહન તુજ માયા અટપટવી કાંઇ દીસે નહી ખામી;
દીનદયાળ વધારે વદું શું, આપ છો અંતરયામી—તાત તું.

નીરખી તુજ કૃતિઓ વિશ્વંભર મતિ મુજ પાર ન પામી,
હે હરિ, હું તો શી ગણુતીમાં વેદરૂચા છે વિરામી—તાત તું.

ઘડી મન તુજ માયા મહીં ચળતું ઘડી દોડે તમ સામી
અખિલેશ્વર અદ્ભૂત માયામાં અથડાતો હું કામી—તાત તું.

મર્કટ સમ મૂરખ મન મથતું કરતું કાશ નકામી,
શ્રીવર બ્હાર કરો ઝટ વિઠ્ઠલ નર્મદનાથ સ્મરામી—તાત તું.

૨

દિવેટ

વ્હાલી વાટ દિવેટ, તુજ ગુણનાં શા શાં વખાણો કરૂં,
ત્હારા ગુણ તપાસતાં તરત હું આશ્ચર્યથી ઉચ્ચરૂં;
તું ન્હાની તદપિ અહા જગતની સેવા ઉઠાવે સદા,
કરવા કંઇ કલ્યાણ માનવ તણું પાછી પડે ના કદા.
બીજાનું કરવું ભલું જનમથી એ રીત રૂડી ગ્રહી,
મરવું પણ ડગવું નહીં શરિરમાં સંકષ્ટ સો સો સહી;
ત્હારો મંગલ જન્મ જંગલ વિષે શાણી કપાસે થયો,
કાલાંમાં કલ્લોલ લોલ કરતી તે વખ્ત વીતી ગયો.
જન્મીને તપ આદર્યું જરૂર તેં વગડે રહી વ્હાલથી,
જાણયે મુક્ત થવા તપસ્વી તપતો આ આળ પંપાળથી;
વેઠી તાપ અમાપ અંતર વિષે શીતોષ્ણ વાયુ સદા,
બીજાને સુખ આપવા નિજ દુઃખો કાને ન કોને કદા.
આરાધ્યું તપ ઉગ્ર અંગ પરની, લાલી જ ઊડી ગઇ,
કાલાંનું મુખ ફાટી બ્હાર પુમડી શ્વેતાંગ આવી રહી;
આવ્યો ક્ષેત્રપતિ અનેક જનને બીજા લઇને તદા,
આ ટાણે તુજને અરે થઇ હશે શી અંતરે આપદા ?
ચુંટ્યું ચોટ દઇ દયાહીન જને છૂટું કર્યું છોડથી,
બાંધી ફાંટ વખારમાં વગ કરી કાલાં ભર્યાં કોડથી;
ફોલી દીકરથી કપાસ સઘળો કાલાંથી જૂદો કરી,
નાંખ્યો જ્યાં ચરખા ચડે ચકરમાં ગાડાં જ ગાડાં ભરી.
ત્યાં ત્હારૂં ચરખા વિષે પતન થઈ પંડે પિલાવું પડ્યું,
વ્હાલાંનો વસમો વિયોગ પડતાં સંકષ્ટ શું સાંપડ્યું ?

રહેતા સંગ કપાસમાં જનમથી સુસ્નેહ કપાસીયા,
સંચામાં સપડાઇ આપ્ત જનના સર્વે વિયોગી થયા.
પલટાયું નિજ રૂપ લોક તુજને રૂ રૂ કરીને કહે,
ત્હારી ટેક અનેક લેશ જનતો લક્ષ્યે નહીં રે લહે;
લોકો તો તુજને લઈ કર વિષ વાટો દબાવી વણે,
ઓળી તેલ દિવેલમાં ઝટ દઇ દીવા કરે આંગણે.
અંધારૂં ઘમઘોર જોર કરીને ઘેરી ધરોને લહે,
તું ન્હાની પણ કામ અદ્ભૂત કરી દાવાગ્નિ દુઃખો સહે
જ્યારે આ રવિરાજ સાંજ પડતાં પશ્ચિમમાં ડૂબતો,
આપી તેજ અમાપ સૃષ્ટિ પટને ને અસ્ત પામી જતો.
આ ટાણે અમ લોકની હરિ અરે એકે ન રહેતી ગતિ,
દૈવિ તેજ દિવેટ રાત્રિ પડતાં અમને અહો આપતી;
ત્હારી કોમલતા તપાસી કરથી રૂ રૂપ જ્યારે હતું,
રે રે ખાખ બળી થતી જીગરથી સૌંદર્ય ઊડી જતું.
ત્હારા તેજ વિષે ભણી બહુ થયા વિદ્વાન્ પામ્યા મતિ,
દુઃખી કે ધન હીન રંક જન કંઇ પામ્યા અતિ સંપત્તિ;
રે ! રે ! ધન્ય ! દિવેટ ધન્ય તુજને સ્વર્ગીય તું નો ઠરી,
ત્હારામાં તપ તેજ પુન્ય પ્રભુએ સંપત્તિ દૈવી ભરી.
આવો ભોગ અપાય આત્મ નિજનો કલ્યાણ તો થાય છે,
મિથ્યા માન ધરી મરે મમતમાં ખત્તાજતે ખાય છે.
લોકોનો ઉપકાર યાર કરવા ઇચ્છા જરી જો કરો,
છોડી સ્વાર્થ સહુ દિવેટ સમ તો દુ;ખે નહીં રે ડરો;
જાગો રે મમ ભ્રાત હિંદ તનુજો સત્કર્મ ઝુંડો ધરો
ઇચ્છાએ કર્ત્તાર નર્મદ તણી કલ્યાણ કોટિ કરો.

૩

સાવરણી

સાવરણી, સુણ સાચે સાચી વાત રે સાવરણી,
તું ગુણવંતી થઇ વિશ્વ વિષે વિખ્યાત શાણી સાવરણી.
લોક તણો ઉપકાર કરે બહુ પેરરે સાવરણી,
તેથી તુજને સંઘરતા ઘેરેઘેર શાણી સાવરણી.
રૂપ ન દેખું તુજમાં હું તલ ભારરે સાવરણી,
તો પણ તુજ ઉપર મોહી રહ્યાં નર નાર શાણી સાવરણી.
દેખાવે તું દીસે ન્હાની બાળરે સાવરણી,
પણ સુધરે તુજ હસ્તિથી મહેલ વિશાળ શાણી સાવરણી.
વસ્તુતઃ જોતાં બહુ ત્હારૂં નહીં મૂલરે સાવરણી,
પણ કામણગારી ત્હારૂં કામ અમૂલ શાણી સાવરણી.
કચરો કસ્તર કે ધૂળ સદનમાં થાયરે સાવરણી,
દૃષ્ટિ સૌ જનની તુજપર તરતજ જાય શાણી સાવરણી.
ચોક અગાશી ગૉખ ઝરૂખા માળરે સાવરણી,
તું ઝપટ ઝપાટી સાફ કરે તત્કાળ શાણી સાવરણી.
સ્ત્રીજાતિથી ઓપે ઘર સંસારરે સાવરણી,
ત્યમ તું તુજ ગુણે ગૃહનો થઇ શણગાર શાણી સાવરણી.
સ્ત્રી જાતિ સાથે બહુ તુજ વ્યવહારરે સાવરણી,
તો હિન્દ તણી અબળાને કંઈક સુધાર શાણી સાવરણી.
સ્વકર્મનો સુંદરીયોને કર બોધરે સાવરણી,
જો કરે ખરે તુજ સદ્‌ગુણની કોઇ શોધ શાણી સાવરણી.

૪

મુંબાઈ

સાયંકાલે ચોપાટી ઉપર

સાયંકાલે મધુર અતિશે લ્હેર સિન્ધુ સમીપે,
શી સૌંદર્યે કુદરત તણી કાન્તિ ખીલેલ દીપે.
શો માધુર્ય ભર્યો ચિતાર ચિતર્યો મોહમયીને કિનારે ?
શ્રી સૌન્દર્ય અખિલ અહીંયાં અર્પવા જ્યેમ ધારે.
રે ! રે ! માનવ કુદરત તણાં જાજરી ચિત્ર જોવા,
આવે છે ત્યાં અનેક દુઃખિયાં દોહ્યલાં દુઃખ ખોવા;
કર્ત્તા કેરી અજબ કૃતિને આપવા માન પૂરૂં,
જલ મોજાં ત્યાં તીર અડકતાં ગાન ગાયે મધૂરૂં.
ચળકે પેલો સલિલક્ષિતીજે પૂર્ણ પ્રભ ત્યાં પ્રદીપ,
સંધ્યા ફૂલી નવિન કરતી રંગ દ્રષ્ટિ સમીપ;
પૂર્યો રંગો નવિન નભમાં નેત્ર આનન્દકારી,
ધીમે ધીમે તરતિ તરિયો ઉપરે શાન્ત વારી.
સાંજે આંહિ મધુર અતિશે મંદ વાયુ પ્રસારી,
શાન્તિ આપે શિથિલ મનને ક્લિષ્ટતા સૌ વિદારી;
એવી માતા કુદરત અહો નિજ સંતાન સારૂ,
છાંટે મીઠી સમીરરસની અંજલી શુદ્ધ ચારૂ.
લાંબી લાંબી રવિ કિરણની સિન્ધુમાં દીર્ઘ રેષા,
ઓપે જાણે લલિતવદના સુંદરી કો સુવેષા;

નાવિકોને દુર ખસી જવા રાત્રિએ સાન માટે,
વામાંગે જો ઝળહળ થતી દિપ્તિ શી સિન્ધુ વાટે?
ઊંચાં ઊંચાં ગગન અડતાં ધામજો ધારી ધારી,
રહે છે તેમાં નર કંઇ અને ઉદ્યમી કંઇક નારી;
ઊંચો ત્હેમાં નિરખ અદકો ઓપતો સર્વ સારો,
રાજાબાઇનો ગગન ચઢતો નામ સ્મારી મિનારો.
શિક્ષા આપે નરતનુધરી તેં કરી શી કમાણી?
આવી આવી નિજ જનમની જાધરી કંઇ નિશાની;
જોતાં લોકો સફલ તુજની જીંદગી છે ખરે રે,
એવું એવું વદિ વદનથી નામ ત્હારૂં સ્મરે રે.
એ છે ભાઇ નિયત નમુના ઉદ્યમી જીન્દગીના,
કીર્તિસ્થંભો અમર જગની અલ્પ મુસાફરીના.
જો જો પેલો અનલરથ ત્યાં જાય શો સૂસવાટે,
ગોટે ગોટા ગગનપથમાં ફેંકતો ધૂમ્રના તે.
ઓચીંતો તે સરસર સરી દૃષ્ટિથી દૂર થાયે,
સીટી તેની સુદૂર અધુના કારમી સંભળાયે;
પેલી બાજુ કરી નજર જો રંગ આનંદ રેલે,
વાલુકામાં લલિત વયનાં બાલકો ખેલ ખેલે.
દેતાં દાવો સરવ કરતાં શોર ઊંચે અવાજે,
તંદુરસ્તી ભુવનત્રયની અત્ર જાણ્યે નવાજે.
વૃદ્ધો અત્રે સરખી વયના સુહૃદો સાથ ટેલે,
અન્યોઅન્યે જગત જનની કંઇક ગ્રન્થી ઉકેલે;

ચર્ચા ચાલે જન સમુહનાં સુખની કોઇ ટાણે,
છેડી એવા વિવિધ વિષયો આત્મમાં મોજ માણે.
શ્રદ્ધાવાળા અનેક આર્યો વંદનાઓ કરે છે,
લીલા જેની અજબ જગમાં ધ્યાન ત્હેનું ધરે છે;
આ ટાણે હા હૃદય દ્રવતાં પારસી બંધુઓનાં,
ધીમે સાદે નમન કરતા ગાન ગાયે પ્રભુનાં.
નાંખો દ્રષ્ટિ દૂર જરી હવે કોટના માર્ગ માંહી,
દેખાયે છે અનેક યુગલો આવતાં નિત્ય જ્યાંહી;
યુવાવસ્થા ખચિત અહિયાં તાદ્રશ ચિત્ર આ છે,
સુખીયાં જોડાં વિનોદ અર્થે અત્ર આવી રહ્યાં છે.
મિત્રો કોઇ ગમન કરતા મિત્રનો હાથ ઝાલી,
માંહો માંહે મધુર હસતા આપતા કંઈક તાલી;
કંઇ સુંદરીયો કિંમતિ સજીને સોળ શણગાર આવી,
કોઇ કામા કરકમળમાં કુમળાં બાળ લાવી.
મુગ્ધાઓ કંઇ નિજ પતિતણા હાથમાં હાથ આપી,
ધીમે ધીમે અતુલ ગતિ એ ચાલતી માર્ગ માપી;
કંઇ કામાઓ નિજ કર થકી સ્વામીને બાળ સોપી,
મુખડાં જોતી પુરૂષ પુતના ચાલતી પંથ ચોંપી.
વિદ્વાનોતો કઠિન અતિશે કોયડા કંઇક છોડે,
વિરહી જોતા ટગર નજરે ચાલતાં જે સજોડે;
વચ્ચે દોડે સરર કરતી મોટરો વેગવાળી,
પૂંઠે તેની ચક ચક થતી ગાડીઓ કંઈ રૂપાળી;

એવી રીતે અનેક અહિયાં સૂસવાટો મચાવે,
સીટી ઘંટા અને ભૂંગળથી શહેર સારૂં ગજાવે.
વિદ્યાશાળા વિલસન તણી આંહીંથી જો પણે છે,
ઊંચી વિદ્યા અનેક યુવકો નિત્ય તેમાં ભણે છે;
શીખી તેમાં ભરત ભુષણો ભાવથી રમ્ય ભાષા,
દે આશિષો નિપુણ નિવડી થાય તૃપ્તાભિલાષા.
મંદિરોનાં ગગનચુમતાં શૃંગજો સ્વર્ણ શોભે,
એવી લીલા અહીં નિરખવા નિત્યરે ચિત્ત લોભે;
ચારે બાજુ વનવડે તહીં મીઠડો વાયુ ઘૂમે,
રક્તાંશુ ત્યાં યુગલ નવસમ હેમનાં શૃંગ ચૂમે.
એવી એવી અનેક ખૂબીયો નિત્ય સાંજે જણાયે,
તે દેખાવો સરવ અહિંના ના ગણતાં ગણાયે;
સુખીયાં શહેરે પ્રથમ પૂર્વે ઉગ્ર તપ કંઇક કીધું,
ઊંચું આવું ઉદય પ્રદ આ સ્થાન તેથી જ લીધું.
દેજે દેવા નવિન ખૂબીના રંગ એને સદાયે,
આજે ત્હારો વિજય નગરી સહ એવું વદાયે.

૫

પંચ તત્વનું ઋણ

ઓ પંચ તત્વનાં ઋણી પ્રાણી કંઈ દેતો જા દેતો જા,
લેવાની કંઇ કંઇ અમૂલ્ય વસ્તુ લેતો જા લેતો જા.

પૃથ્વી પાણી વાયુ તેજ આકાશ તત્વના દેહી,
જલચર ભૂચર ખેચર ને જંગલવાસી યાચેલી જગને
દેતો જા દેતો જા.

જોને આ પૃથ્વી માતા પણ કણના મણ મણ દે છે,
અંબર પણ જલબિન્દુ શોષી અનંતધા વરસે છે જગને
દેતો જા દેતો જા.

સૂર્ય ચંદ્ર સરખા દેવો પણ પ્રકાશ પૂરણ આપે,
વનસ્પતિ પણ વિના વેતને કષ્ટ આપણાં કાપે જગને
દેતો જા દેતો જા.

અખંડ ધારે સરિતાઓનાં જે મીઠાં જલ વહે છે,
પ્રાણીને દઈ પ્રાણ વહંતિ એ પણ એજ કહે છે જગને
દેતો જા દેતો જા.

ગાય ભેંશને બકરી જેવાં અબોલ પ્રાણી જે છે,
ઘાસ પાન પર કરી ગુજારો દૂધ મીઠડાં દે છે જગને
દેતો જા દેતો જા.

બેલ અશ્વને ખર ઈત્યાદિનું પણ સમજો તેવું,
માલીક કેરી કરી મજુરી સાટું વાળી દેવું જગને
દેતો જા દેતો જા.

જીવોના જીવન જગદીશ્વર મૂલ્ય કશું ના લે છે,
તૃષ્ણા ત્યાગી આપો આપો, આજ્ઞા એજ કરે છે જગને
દેતો જા દેતો જા.
મોહ મમત માયાને વશ થઈ લીધું તે ન કમાયો,
પરમારથમાં હાથ પ્રસાર્યો તેને લાભ સવાયો જગને
દેતો જા દેતો જા.
પ્રભુ તણી આ ધર્મશાળામાં પાન્થી કર્યો ઉતારો,
માલીક થઇને બેસે છે પણ નથી માલ એ ત્હારો જગને
દેતો જા દેતો જા.
સ્રષ્ટાની સૃષ્ટિમાં આવી વિધવિધ વસ્તુ લે જે,
પણ તેનાથી વિશેષ વહાલે દઈ અન્યને દેજે જગને
દેતો જા દેતો જા.
નીતિથી કીર્તિ પામીને અનેક આશિષ લેજે,
પ્રભુ કાર્યમાં પૂરા પ્રેમથી બધું સમર્પી દેજે જગને
દેતો જા દેતો જા.
તેલ ભક્ષીને દીપક જોને પ્રકાશ કેવો દે છે,
એવા જીવન પ્રકાશે નર્મદ માલીક રાજી રે છે જગને
દેતો જા દેતો જા.

કર્તાનાં સમાજોપયોગી

અન્ય પુસ્તકો

મુક્તિમાળા	૦-૧
મહિલા મોક્ષ	૦-૧
પ્રવાસી (ગોલ્ડ સ્મીથનું ટ્રાવેલર)	૦-૪-૦
અંગ્રેજી અભ્યાસ	૧-૪-૦

પુસ્તકો મળવાનું ઠેકાણું:

કર્તા પાસેથી–હાળનીપોળ : જગાભાઇનીપોળ

અમદાવાદ